# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બૉર્ડ ઑફ મેનેજમેન્ટ (DU) 7/2023-24 તા. 28-03-2024

ગૂજરાત વિદ્યાપીઠની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની વર્ષ 2023-24ની સાતમી બેઠક તા. 28-03-2024 ને ગુરુવારે બપોરે 12-30 વાગ્યે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને ઓફ લાઇન/ઓન લાઇન મોડમાં મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | |
|---|---|---|
| 1. | ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | કુલપતિશ્રી, |
| 2. | ડૉ. અજયભાઈ પરીખ | સભ્યશ્રી |
| 3. | ડૉ. દિલીપભાઈ પી. ઠાકર | સભ્ય અને ટ્રસ્ટીશ્રી (ઓનલાઈન માધ્યમ) |
| 4. | ડૉ. નિરજભાઈ શેઠ | સભ્યશ્રી |
| 5. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | સભ્યશ્રી |
| 6. | ડૉ. નવિનભાઈ શેઠ | સભ્યશ્રી (ઓનલાઈન માધ્યમ) |
| 7. | ડૉ. વિશાલભાઈ ભાદાણી | સભ્યશ્રી (ઓનલાઈન માધ્યમ) |
| 8. | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | કા. કુલસચિવશ્રી |

આ બેઠકમાં શ્રી કનુભાઈ નાયક, અનુપસ્થિત રહ્યા હતા. વિદ્યાકીય શાખા તરફથી ડૉ. કૌશિક પટેલ, શાખા અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**કાર્ય-૧** યુજીસીના પત્ર ક્રમાંક F.4-1(UGC-NET (Review Committee)/2024(NET)/140648 તા. 27-03-2024ના પત્ર અન્વયે પ્રવેશ સમિતિની બેઠકની ભલામણ બાબત.

**ઠરાવ-૧** યુજીસીના પત્ર ક્રમાંક F.4-1(UGC-NET (Review Committee)/2024(NET)/140648 તારીખ 27-03-2024ના પત્રમુજબ વર્ષ 2024થી Ph.D. ની પ્રવેશ પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષામાં લાયક ઠરેલ Ph.D. ની પ્રવેશપ્રક્રિયામાં પોતાની અરજી કરી શકશે. જૂથ ચર્ચા અને પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણ આધારે પ્રવેશની આગળની પ્રક્રિયા હાથ ધરવાની રહે.

આથી વર્ષ 2024 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પીએચ.ડી. લેખિત પ્રવેશ પરીક્ષા અંગેની કાર્યવાહી કરવાની થશે નહી. આ સુધારો પ્રવેશ માર્ગદર્શિકા-2024માં કરવા અંગેની પ્રવેશ સમિતિની ભલામણને માન્ય રાખી સુધારેલ પ્રવેશ માર્ગદર્શિકા-2024 કરી તેને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યુ.

**કાર્ય-2** Bachelor of Naturopathy & Yoga Science (BNYS) અભ્યાસક્રમ શરૂ કરવા બાબત

**ઠરાવ-2** Bachelor of Naturopathy & Yoga Science (BNYS) અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ 2024-25થી શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

તા. 30-03-2024

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ